ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,

મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,

પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.

સમક્ષ

કેસ નં. એમ.જી.I-૦૪-૨૦૧૭-૧૮

ફરિયાદી : (૧) શ્રી જી.આર.દરજી, પ્રમુખ, (૨) શ્રી બી. ડી. બોમીયા, સેક્રેટરી,
યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.,
યશ કોમ્પ્લેક્ષ, મેટ્રો સોસાયટી પાસે,
ગોત્રી રોડ - વડોદરા.

રજુઆત કરનાર: (૧) શ્રી અનિરૂદ્ધ મકવાણા, જુનીયર ઇજનેર,
(૨) શ્રી તૃષીત શાહ, ડેપ્યુટી સુપ્રિ.એકાઉન્ટ,
એમજીવીસીએલ, ગોત્રી સબ-ડિવિઝન ઓફિસ વડોદરા.

અરજદાર પ્રમુખશ્રી, યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.,ની તમારી સિક્યોરીટી ડિપોઝીટ વ્યાજ અને વળતર સાથે પરત મેળવવાની ફરિયાદ બાબતે ફરિયાદી તરફથી હાજર રહેલ, સામા પક્ષે શ્રી અનિરૂદ્ધ મકવાણા, જુનીયર ઇજનેર, (૨) શ્રી તૃષીતશાહ, ડેપ્યુટી સુપ્રિ.એકાઉન્ટ, મ.ગુ.વી.કં.લી., ગોત્રી સબ-ડિવિઝન ઓફિસ વડોદરા હાજર રહેલ, ફોરમ ની સુનાવણી તા. ૨૧.૦૪.૧૭ ના રોજ વડોદરા કોર્પોરેટ કચેરી, મ.ગુ.વી.કં.લી. ની ઓફિસે રાખવામાં આવેલ.

ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

(૧) ફરિયાદી ગ્રાહક નં. ૧૫૪૩૧/૦૧૭૧૫/૨ તથા ૧૫૪૩૧/૦૧૭૨૫/૦ ના વીજ જોડાણ ધરાવે છે. આ વીજ જોડાણ મે. નવપદ ડેવલપર્સના નામ પર હતા: જે બિલ્ડર દ્વારા ચૂકવવામાં આવેલ સિક્યોરીટી ડિપોઝીટ વિજ બીલમાં નીલ તરીકે બતાવવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત બંને વીજ જોડાણો નો વહિવટ સને ૨૦૦૦ થી બિલ્ડર મે. નવપદ ડેવલપર્સ બદલે યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. દ્વારા કરવામાં આવે છે.

(3) ફરિયાદીએ ઉપરોક્ત વીજ જોડાણો માં નામફેર માટે કરેલ અરજી બાબતે સિક્યુરીટી ડિપોઝીટ પેટે રૂા ૫૬,૯૮૩/- અને રૂા. ૪૫,૫૨૯/- ચૂકવી આપેલ છે. પરંતુ મે. નવપદ ડેવલપર્સ તરફથી જૂની સિક્યુરીટ ડિપોઝીટની માંગણી કરવામાં આવેલ નથી.

ફરિયાદીએ આરજીપી કેટેગરી મુજબ એપ્લીકેબલ હોઇ તે દર મુજબ સિક્યુરીટી ડિપોઝીટ અને તેના પ મળવાપાત્ર વ્યાજની રકમ સરભર કરવા માંગણી કરેલ છે તેમજ મે. નવપદ ડેવલપર્સ દ્વારા ચૂકવવામ આવેલ લાઇન ચાર્જ અને ટ્રાન્સફોર્મર ચાર્જ તેમજ ડીલે પેમેન્ટ ચાર્જ વ્યાજ સાથે મેળવવા હાલની ફરિયા કરી માંગણી કરેલ છે. નિયમ મુજબ ડીલે થવા માટેના વળતરની માંગણી કરેલ છે. તેમજ કસૂરદાર સામે પગલાં લેવા માંગણી કરેલ છે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM * MGVCL

ફરિયાદ પક્ષે શ્રી જી.આર.દરજી, પ્રમુખ, યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., અને બી. ડી. બોમીયા, સેક્રેટરી, યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.,હાજર રહેલ. ફો સમક્ષ એવી રજૂઆત કરેલ કે ફરિયાદી દ્વારા ઉપરોક્ત બંને વીજ જોડાણો પહેલાં મે. નવપદ ડેવલપર્સના ન હતા. જે તે સમયે તેઓ દ્વારા સીક્યુરીટી ડિપોઝીટ ચૂકવેલ જ હોય કારણકે સિક્યુરીટી ડિપોઝીટ વગર વીજ જોડાણ આપવામાં આવતું નથી. તેમ છતાં સામાવાળાના બીલમાં સિક્યુરીટી ડિપોઝીટ માં નીલ એટલે

ઝીરો રકમ બતાવે છે. ફરિયાદીએ મે. નવપદ ડેવલપર્સના નામથી યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. ના નામે વીજ જોડાણ તબદીલ કરવા અરજ કરેલ. સામાવાળાએ આ માટે સિક્યુરીટી ડિપોઝીટ પેટે રૂા. ૫૬,૯૮૩/- અને રૂા. ૪૫,૫૨૯/- વસુલ મેળવેલ છે. જે પૈકી વધારાની ડિપોઝીટ વ્યાજ સહિત પરત અપાવવા જણાવેલ. ફરિયાદીએ એવી પણ રજૂઆત કરેલ છે કે મે. નવપદ ડેવલપર્સે વીજ જોડાણની માંગણી કરી ત્યારે બે ટ્રાન્સફોર્મરના ચાર્જ વસૂલ કરવામાં આવેલ. જ્યારે માત્ર એક જ ટ્રાન્સફોર્મર લગાવવામાં આવેલ. જેથી ૨૦૦ કે.વી.એ. ના ટ્રાન્સફોર્મરના નાણાં અમોને વ્યાજ સહિત તેમજ ડીલે પેમેન્ટ ચાર્જ સહિત પરત ચૂકવવામાં આવે તેમ જણાવેલ. વધુમાં, ફરિયાદીએ ડીલે માટે કાયદા મુજબ વળતર ચુકવવા તેમજ કસૂરદાર સામે પગલાં લેવા માંગણી કરેલ છે.

સામા પક્ષે મ.ગુ.વી.કં.લી. તરફથી રજૂઆત કરવામાં આવેલ છે કે ફરિયાદીએ વીજ જોડાણ મે. નવપદ ડેવલપર્સ થી પ્રમુખશ્રી, યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ના નામે કરવા માંગણી કરેલ છે. જીઇઆરસી સેક્શનની કલમ ૪.૪ (નોટીફિકેશન ૮/૨૦૦૫) મુજબ સિક્યુરીટી ડિપોઝીટ લેવામાં આવે છે. અહીં ગ્રાહકે નામ બદલવા માટે અરજ કરેલ છે. મતલબ કે કરાર બદલવા માંગણી કરેલ છે. તેથી જીઇઆરસીની ગાઇડ લાઇન તથા કલમ ૪.૭૧ (૨) મુજબ ડિપોઝીટ વસુલ કરવામાં આવેલ છે. હાલના જે પ્રવર્તમાન દર છે તે મુજબ સિક્યુરીટી ડિપોઝીટ વસુલ મેળવવામાં આવેલ છે. ફરિયાદીએ સને ૧૯૯૬ માં મે. નવપદ ડેવલપર્સે ચૂકવેલ ટ્રાન્સફોર્મર ના નાણાં પરત મેળવવા માંગણી કરેલ છે. પરંતુ જે તે સમયે જે પ્રવર્તમાન દર હતા તે મુજબ ખર્ચ મેળવવામાં આવેલ. જેથી તે પરત આપવાનો સવાલ ઉપસ્થિત થતો નથી. સામાવાળાએ અરજદારનું કામ કરવામાં કોઇ ઢીલ કરેલ નથી. ફરિયાદીએ તા. ૧૯.૦૮.૨૦૧૬ ના રોજ નામફેર માટે અરજ કર.લ. જેના માટે તા. ૨૨.૦૮.૨૦૧૬ ના રોજ ડિમાન્ટ નોટિસ આપી તા. ૨૩.૦૯.૨૦૧૬ સુધીમાં નાણાં જમા કરાવવા જણાવવામાં આવેલ. પરંતુ ફરિયાદીએ નાણાં ચૂકવેલ નહીં. ત્યારબાદ ફરિયાદીએ ફરીથી તા. ૦૯.૧૧.૨૦૧૬ ના રોજ નામફેર માટે અરજ કરેલ. આમ, ફરિયાદી તરફે નાણાં ચૂકવવામાં વિલંબ થયો હોવાથી કામ સમયસર થઇ શકેલ નહીં.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિના સભ્યો સદરહું બાબતે બંને પક્ષોને સાંભળ્યા અને દસ્તાવેજી પુરાવા બાબતે પણ વિગતવાર ચર્ચા કરતાં એવું જણાય આવે છે કે,

સામાવાળાએ હાલના પ્રવર્તમાન દર મુજબ સિક્યુરીટી ડિપોઝીટ સ્વીકારેલ છે. કોઇ વધારાના નાણાં લીધેલ નથી. જેથી તે પરત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફરિયાદીએ સને ૧૯૯૬ માં ચૂકવવામાં આવેલ ટ્રાન્સફોર્મરના નાણાં પરત મેળવવા માંગણી કરેલ છે. પરંતુ કન્ઝયુમર પ્રોટેક્શન એક્ટની કલમ ૨.૩૦ (iii) મુજબ બે વર્ષ બાદ ગ્રાહક ફોરમ સમક્ષ કોઇ પણ બાબતની તકરાર કરી શકાય નહિં. ફરિયાદીએ સને ૧૯૯૬ માં ચૂકવેલા નાણાં પરત મેળવવા માંગણી કરેલ છે. પરંતુ સદરહું કારણને બે વર્ષ કરતાં ઘણો વધુ સમય પસાર થઇ ગયેલ હોય ફરિયાદીની આ ફરિયાદ ધ્યાને લઇ હુકમ કરી શકાય નહીં.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM MGVCL

વધુમાં, ફરિયાદીએ તેઓના બીલમાં સિક્યુરીટી ડિપોઝીટ જે મે. નવપદ ડેવલપર્સ દ્વારા ભરેલ હતી તે નીલ બતાવવામાં આવે છે તે ડિપોઝીટના નાણાં વ્યાજ સહિત મેળવવા માંગણી કરેલ છે. આ સિક્યુરીટી ડિપોઝીટના નાણાં તથા તેનું વ્યાજ ફરિયાદીને જો મે. નવપદ ડેવલપર્સ તરફથી વ્યાજ તથા ડિપોઝીટ પરત ની માંગણી કરવામાં આવે તો તે મે. નવપદ ડેવલપર્સ ને આપવામાં આવશે અને જો તેઓનું એન.ઓ.સી. લેવામાં આવે તો ફરિયાદને મે. નવપદ ડેવલપર્સ ના નામે ભરેલ સિક્યુરીટી ડિપોઝીટના નાણાં નિયમ મુજબ મજરે તેઓના બીલમાં આપવામાં આવે તો ન્યાયનું હિત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આથી મધ્ય ગુજરાત વીજ કંપની લી. ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી પ્રમુખશ્રી, યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., ને મે. નવપદ ડેવલપર્સ દ્વારા ભરપાઇ કરેલ ડિપોઝીટની રકમ તથા વ્યાજ નિયમ મુજબ એન.ઓ.સી. અને જરૂરી દસ્તાવેજો મળેથી યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. ના બીલમાં મજરે આપવા હુકમ કરવામાં આવે છે. ફરિયાદી પ્રમુખશ્રી, યશ કોમ્પ્લેક્ષ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. ને હુકમ કરવામાં આવે છે કે સને ૧૯૯૬ માં ચૂકવેલ ટ્રાન્સફોર્મરના નાણાં પરત મેળવવા માટેની હાલની ફરિયાદ ને સમય-મર્યાદાનો બાધ નડતો હોય તે અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી. તથા નામફેર માટે વસુલવામાં આવેલ સિક્યુરીટી ડિપોઝીટ જીઇઆરસી ના નિયમો મુજબ બરાબર છે.

| | | |
|---|---|---|
| (બી. જે. ઉપાધ્યાય)<br>ટેકનિકલ મેમ્બર | (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (માલાબેન શાહ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM
MGVCL